
**હેલ્થ ટાઈમ**

★ ડૉ. મંથન શેઠ







# આપણા સૌ માટે આંખ ઉઘાડતી હકીકત! ORS સાચું છે ORSL નકલી!

## કોણ છે ડૉ. સંતોષ, એમની લડાઈ અને કોર્ટનો ચુકાદો

ડૉક્ટરે લખ્યું ORS, દુકાનદાર કે પછી એમ કહો કેમિસ્ટ, એણે આપ્યું ORSL. ઝાડા ઉલ્ટીમાં રાહત થવાની જગ્યાએ તે વધુ ગંભીર બીમારી બની. જી હા, આવા અહેવાલો છે અને નિષ્ણાતોના અનુભવ કહીં રહ્યા છે કે બાળકોને ઝાડાની સારવાર માટે કાયદેસર ઓરલ રિહાઈડ્રેશન સોલ્યુશન (ORS) ને બદલે ORSL જેવા ખાંડયુક્ત, રેડી-ટુ-ડ્રિંક પીણાં આપવામાં આવ્યા પછી ગંભીર ડિહાઈડ્રેશનનો સામનો કરવો પડ્યો અને તેમને ICUમાં દાખલ કરવામાં આવ્યા. અને દર્દી વિચારે છે કે આમ કેમ થયું? દરેક ઘરમાં રહેલું, દરેક કેમિસ્ટ પાસે મળતું, અને લગભગ દરેક ડાયેરિયા/ ઝાડા, ઉલ્ટી કે તાવમાં ઉપયોગમાં લેવાતું ORS જે તમે પીવો છો એ અસર એટલે નથી કરતું કેમ કે તમે ORSની જગ્યાએ ORSLનું સેવન કર્યું. એટલે પ્રશ્ન એ છે કે તમે ખરેખર ORS પીવો છો? કે માત્ર એ નામથી ઓળખાતું કંઈક બીજું પીણું?

### શું છે ORS?

ORS (Oral Rehydration Salts) કોઈ ફેશન કે કોઈ એનર્જી ડ્રિંક નથી. કોઈ 'સ્વાદિષ્ટ પાણી' નથી. આ એ દવા છે જેને WHO અને UNICEFએ વિકસાવી છે વિશ્વભરમાં ડાયેરિયાથી થતાં મૃત્યુ અટકાવવા. ORSનું ફોર્મ્યુલા મિલિગ્રામ લેવલે ચોક્કસ હોય છે: સોડિયમ, પોટેશિયમ, ક્લોરાઇડ, સાઇટ્રેટ, ગ્લુકોઝ (ચોક્કસ પ્રમાણમાં). આ પ્રમાણ વધારે થયું તો ઉલટી અને ઓછું થયું તો ડિહાઈડ્રેશન યથાવત રહે છે.

### શું છે ORSL? નામ મળતું, પણ કામ અલગ

યસ, હવે આવીએ ORSL પર. ORSL એટલે ઓરલ રિહાઈડ્રેશન સોલ્યુશન લાઈક લિક્વિડ. નામ સાંભળતાં જ લોકો કહે: "ORS જ છે ને?" અહીંથી ભ્રમ શરૂ થાય છે અને બીમારીને આમંત્રણ અપાય છે વધુ નુકસાન પહોંચવાનું. હકીકતમાં, ORSL એ WHO માન્ય ઘટકો અને માત્રા ધરાવતું ORS નથી. તેમાં ઈલેક્ટ્રોલાઈટ ઓછા અને શુગર વધારે, લગભગ માન્ય પ્રમાણ કરતાં 8 થી 10 ગણી એટલે આ એક મીઠું/ગળ્યું પીણું છે ORS ના નામે છેતરપિંડી કરતું. સ્વાદ માટે રંગ, ફ્લેવર.. આ પીતા મજા આવે પણ ડાયેરિયાવાળા બાળક માટે આ યોગ્ય વિકલ્પ નથી.

### 'ORS' શબ્દ પર કોર્ટ કેસ કેમ થયો?

અહીં પ્રવેશ કરે છે ડૉ. સંતોષ. ક્વોલિફાયડ તબીબ, બાળકોના નિષ્ણાત એવા હૈદરાબાદના આ મહિલા તબીબે 8 વર્ષ પહેલાં પિટિશન કરેલી. ડૉ. સંતોષ (શિવરંજની સંતોષ) હૈદરાબાદ સ્થિત બાળરોગ નિષ્ણાત છે. તેઓ ખાંડવાળા પીણાં સામે આઠ વર્ષ સુધી લડત આપવા માટે જાણીતા છે, જેમ કે ઓરલ રીહાઈડ્રેશન સોલ્યુશન્સ (ORS) તરીકે ગેરમાર્ગે દોરતા માર્કેટિંગ, જેમ કે ORSL, જેમાં તેમને ખાંડનું પ્રમાણ ખતરનાક રીતે વધારે અને ડિહાઈડ્રેશન માટે હાનિકારક લાગ્યું, જેના કારણે FSSAI એ ઉત્પાદનો માટે 'ORS' શબ્દ પર મોટો પ્રતિબંધ મૂક્યો, જે કોર્પોરેટ કંપનીઓ દ્વારા ખોટી લેબલિંગ સામે જાહેર આરોગ્યનો વિજય છે. જેનો ચુકાદો 2025 માં આવ્યો. ડૉ. સંતોષે એક સરળ પણ ગંભીર સવાલ ઉઠાવ્યો: "જો આ WHO ORS નથી, તો 'ORS'નામ કેમ વપરાય છે?"આ સવાલ સીધો ગયો, કોર્ટમાં! FSSAI સુધી અને જાહેર આરોગ્યના મૂળ સિદ્ધાંત સુધી. કારણ કે નામ જ ખોટું હોય તો જનતા ખોટો નિર્ણય લે અને છેતરાય.

### કોર્ટ અને FSSAIનો સ્પષ્ટ સંદેશ:

ઓક્ટોબર 2025 માં, ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) એ WHO ફોર્મ્યુલાને પૂર્ણ ન કરતા ઉત્પાદનો પર "ORS" શબ્દના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો, જે ડૉ. સંતોષના અવિરત પ્રયાસો પછી એક મહત્વપૂર્ણ જીત હતી. અસર એ થઈ કે આ નિર્ણય હાનિકારક, ખાંડવાળા પીણાંનો ઉપયોગ જીવનરક્ષક તબીબી સારવાર તરીકે થતો અટકાવે છે, જે સંવેદનશીલ માનવજાતિ, ખાસ કરીને બાળકોનું રક્ષણ કરે છે. મુખ્ય બાબત તો એ કે ડૉ. સંતોષની વાત મેડિકલ-ગ્રેડ ORS અને ઈલેક્ટ્રોલાઈટ/સ્પોર્ટ્સ ડ્રિંક્સ (જેમ કે ORSL) વચ્ચેના મહત્વપૂર્ણ તફાવત અને જાહેર આરોગ્ય માટે યોગ્ય લેબલિંગના મહત્વ પર પ્રકાશ પાડે છે.

કોર્ટના અવલોકનો (સારાંશમાં), "ORS"શબ્દ માત્ર WHO ફોર્મ્યુલા ધરાવતી દવા માટે જ વાપરી શકાય. કોઈ સપ્લિમેન્ટને ORS કહેવાય નહીં. જનતાને ગેરમાર્ગે દોરવું કાયદેસર ગુનો છે. FSSAIના આદેશ છે કે'ORS', 'ORS Like', 'ORS Drink' જેવા શબ્દો પર નિયંત્રણ કરાય. જો આ સપ્લિમેન્ટ છે અને WHO નિયમો મુજબ ORS નથી તો લેબલ પર ફરજિયાત સ્પષ્ટ લખવું કે "This is NOT WHO ORS". અર્થાત્ એવું લખવું રહ્યું કે, આ WHO દ્વારા માપદંડ આધારિત ORS નથી.

**ડૉ. સંતોષે એક સરળ પણ ગંભીર સવાલ ઉઠાવ્યો: "જો આ WHO ORS નથી, તો 'ORS'નામ કેમ વપરાય છે?"આ સવાલ સીધો ગયો, કોર્ટમાં! FSSAI સુધી અને જાહેર આરોગ્યના મૂળ સિદ્ધાંત સુધી કારણ કે નામ જ ખોટું હોય તો જનતા ખોટો નિર્ણય લે અને છેતરાય**

### છતાં બજારમાં શું ચાલી રહ્યું છે?

આજેય કેમિસ્ટ ORS કહીને ORSL આપે છે. માતા બાળકને પીવડાવે છે. ડૉક્ટર લખે ORS, દર્દી લાવે ORSL. પછી ફરિયાદ, "ડૉક્ટરે, પીવડાવ્યું હતું પણ બાળકની તબિયત સુધરી નહીં!"દોષ દવાનો પણ નથી, દોષ સમજનો છે. સૌ કોઈ સમજી શકતું નથી, સૌ કોઈ લેબલ વાંચતું નથી એટલે કંપની તેઓને છેતરી જાય છે. આ માત્ર નામનો વિવાદ નથી, આ જીવન અને મરણનો પ્રશ્ન છે. ડાયેરિયા, ઉલટી, હીટ સ્ટ્રોક, વૃદ્ધોમાં ડિહાઈડ્રેશન, આ બધી સ્થિતિમાં; ખોટું દ્રાવણ, ખોટું પ્રમાણ, ખોટી આશા અને પરિણામ? ઉલટી વધે, ઝાડા ચાલુ રહે, બાળક નબળું પડે, ક્યારેક ICU સુધી વાત જાય. કોર્ટે ચુકાદો આપ્યો છે અંતિમ કે ORSL લખેલ તમામ આવી બની ચુકેલ પ્રોડક્ટ પણ પાછી લેવી અને વેચાણ કરવી નહીં. છતાં અમુક અસામાજિક તત્ત્વો આ આપવાનું ચાલુ રાખે છે, સ્ટોક ક્લિયર કરવા માટે. એમના પૈસાના ફાયદા માટે. •

### સવાલ અને જવાબ, સરળ જાણકારી અને જાગૃતતા માટે!

**Q1. ORS અને ORSL એક જ છે?**
નહીં.
**ORS = WHO માન્ય દવા**
ORSL = સપ્લીમેન્ટ, ઝાડા કે ડિહાઇડ્રેશન માટે બિલકુલ વિરોધી.
**Q2. ડાયેરિયામાં ORSL આપી શકાય?**
નહીં. ડાયેરિયામાં ફક્ત WHOનું ORS આપવું.
**Q3. ORSL ક્યારેય લઈ શકાય?**
ના.
**Q4. સાચું ORS ઓળખવું કેવી રીતે?**
પેકેટ પર 'WHO ORS' લખેલું હોવું જોઈએ, જરૂરી ઇલેક્ટ્રોલાઇટ યોગ્ય પ્રમાણમાં. ચોક્કસ સૂચન અને રજિસ્ટ્રેશન તથા એ દવા અંગેનો લાયસન્સ નંબર. સાચું ORS (WHO- માન્ય) લોહીના પ્રવાહમાં પાણી પહોંચાડવા માટે ચોક્કસ સોડિયમ-ગ્લુકોઝ ગુણોત્તરનો ઉપયોગ કરે છે; ખાંડવાળા પીણાં આમાં વિક્ષેપ પાડે છે, જેનાથી ઝાડા વધુ ખરાબ થાય છે.
**Q5. વધારે ORS પીવાથી નુકસાન?**
હા. અતિરેક પણ નુકસાનકારક હોઈ શકે, ખાસ કરીને કિડની કે હૃદયના દર્દીમાં.
**Q6. બાળકો માટે ORSL ચાલે?**
નહીં. ડાયેરિયાવાળા બાળક માટે, ORSL જોખમી સાબિત થઈ શકે.
**Q7. ઘરેલું મીઠું-ખાંડનું પાણી?**
ઈમર્જન્સીમાં ચાલે પણ WHO ORSનો વિકલ્પ નથી. અંતે એક સીધી વાત કે દવા ભલે તમે બંધબેસતા નામ સાથેની છે પણ આદર્શ રીતે નામ ખોટું હોય તો અસર ખોટી થાય. ORS અને ORSL વચ્ચેનો ફરક સમજવો આજના સમયમાં જાણકારી નહીં, જવાબદારી છે. કારણ કે દરેક પેકેટમાં માત્ર પાવડર નથી, ક્યારેક કોઈનો જીવ પણ હોય છે. એટલે લેબલ ચોક્કસ વાંચો, મૂર્ખ સાબિત ના થતાં. ORS લેજો, ORSL નહીં.

### ઇત્તેફાક્

**રણ હતું કે એ સમંદર શું હતું કોને ખબર?**
**જિંદગીમાં જે હતું સામે બધું તરતાં ગયા.**
**-ઈન્તેખાબ અનસારી**